# મોડાસા સાયરા(અમરાપુર) ૩ આરોપીઓના ડીસ્ટ્રીક કોર્ટે ૫ દિવસના રિમાન્ડ મંજુર કર્યા

**કોર્ટ વિસ્તારમાં પોલીસે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો આરોપીઓને કોર્ટમાં રજુ કરતા બંને પક્ષના મોટી સંખ્યામાં લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા**

મોડાસા

મોડાસાના સાયરા(અમરાપુર) ગામની ૧૯ વર્ષીય યુવતીનું અપહરણ, દુષ્કર્મ અને હત્યાની ઘટના પછી સમગ્ર ગુજરાતમાં



ઘટનાના ભારે પડઘા પડી રહ્યા છે ''નિર્ભયા'' કાંડને અંજામ આપનાર ચાર આરોપીઓ માંથી ૩ આરોપીઓએ શનિવારે રાત્રે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં સરેન્ડર કર્યું હતું જેમાં બિમલ ભરવાડ, દર્શન ભરવાડ અને જીગર પરમારે સરેન્ડર કરતા પોલીસ ધરપકડ કરી હતી જ્યારે સતીષ ભરવાડ નામનો આરોપી હજુ પણ ફરાર છે.પોલીસે ૧૯ વર્ષીય યુવતીના અપહરણમાં વપરાયેલી આઈ-૨૦ કાર આરોપીના ઘરે થી કબ્જે લીધી હતી મોડાસા રૂરલ પોલીસે સોમવારે મોડાસા ડીસ્ટ્રીકટ કોર્ટમાં રજુ કરતા નામદાર કોર્ટે આરોપીઓના ૫ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા

મોડાસાના સાયરા(અમરાપુર)ની ૩૧ ડિસેમ્બરથી પાંચ દિવસથી ગુમ યુવતીની લાશ ઝાડ પર લટકતી હાલતમાં મળી હતી. જે બાદ યુવતીના પરિવારજનોએ દુષ્કર્મ અને હત્યાનો ગુનો નોંધવાની માંગ કર્યા બાદ જ લાશનો સ્વીકાર કરવાનું જણાવ્યુ હતું. પોલીસે ફરિયાદ ના નોંધતા વાતાવરણ તંગ બન્યુ હતું અને મોડાસામાં લોકોએ ચક્કાજામ કર્યુ હતું. ૭ જાન્યુઆરીએ પોલીસે સમાજનો આક્રોશ જોઈ ચાર લોકો વિરૂદ્ધ, અપહરણ-દુષ્કર્મ અને હત્યા તેમજ એટ્રોસિટી એક્ટ મુજબ ગુનોં નોધ્યો હતો અને જેની તપાસ એસટી એસસી સેલના ડીવાયએસપી ગઢવીને સોપી હતી.

૧૧ જાન્યુઆરીએ રાત્રે નાટ્યાત્મક રીતે બિમલ ભરવાડ, દર્શન ભરવાડ અને જીગર પરમારે સરેન્ડર કર્યુ હતું મોડાસા રૂરલ પોલીસે ત્રણે આરોપીઓને મોડાસા ડીસ્ટ્રીકટ કોર્ટમાં રજુ કરતા પોલીસ વતી સરકારી વકીલ બી.આર.પંચાલે ત્રણે આરોપીઓ પોલીસને તપાસમાં સહકાર આપતા નહિ હોવાની અને અપહરણમાં અન્ય કારનો ઉપયોગ થયો હોય અને સમગ્ર કેસમાં એફએસએલ તપાસ જરૂરી હોવાથી ૧૪ દિવસના રિમાન્ડની માંગ કરતા આરોપી તરફી વકીલ વિજય ભરવાડે ફરિયાદમાં જે જગ્યા બતાવી છે તે જગ્યાના સીસીટીવી ફૂટેજ પણ અમલદારને આપેલ હોવાની સહિતની રજુઆત કરતા સરકારી વકીલ અને આરોપીઓના વકીલની ધારદાર રજૂઆતના અંતે નામદાર કોર્ટે ૫ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા

મોડાસા ડીસ્ટ્રીકટ કોર્ટમાં ત્રણે આરોપીઓને રજુ કરતા પહેલા મોટી સંખ્યામાં કોર્ટ વિસ્તારમાં પોલીસે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો આરોપીઓને કોર્ટમાં રજુ કરતા બંને પક્ષના મોટી સંખ્યામાં લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા

# બનાસકાંઠામાં વાતાવરણ પલટાયું

**લાખણીપંથકમાં કમોસમી વરસાદી છાંટા : જિલ્લામાં દિવસભર વાદળછાયું વાતાવરણ રહ્યું**

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં સોમવારે કમોસમી વરસાદની આગાહી વચ્ચે વાતાવરણમાં વહેલી સવારથી જ પલટો નોંધાયો હતો. જ્યાં આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાઈ ગયા હતા. દરમિયાન કેટલાક સ્થળોએ કમોસમી વરસાદના છાંટા પડ્યા હતા. દિવસ દરમિયાન ઠંડીનો ચમકારો પણ વર્તાયો હતો.

બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોને ગત વર્ષે કમોસમી વરસાદ અને તીડના પ્રકોપથી વ્યાપક નુકસાન થયું હતુ. ત્યારે નવા વર્ષમાં પણ ખેડૂતોને કુદરતી આફતોનો સામનો કરવો પડી રહ્યો છે. જ્યાં રાજસ્થાન રાજ્ય ઉપર સર્જાયેલા સાયકલોનિક સરકયુલેશનના પગલે તેની સીધી અસર ગુજરાત રાજ્ય પડતા વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. જ્યાં સોમવારે બનાસકાંઠા જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી વચ્ચે વાદળછાયું વાતાવરણ સર્જાયું હતુ. તેમજ લાખણી સહિતના સ્થળોએ છુટા છવાયા કમોસમી વરસાદના છાંટા પણ પડ્યા હતા. લાંબા સમય સુધી વાદળછાયું વાતાવરણ રહે તો ખેતીના પાકો ઘઉં, એરંડા, રાયડો તેમજ શાકભાજીને નૂકશાન થશે તેવી ભિતી ખેડૂતોએ વ્યકત કરી હતી.

## લઘુત્તમ તાપમાન ઉંચકાયું

બનાસકાંઠા જિલ્લામાં વાદળછાયા વાતાવરણ વચ્ચે લઘુત્તમ તાપમાનમાં વધારો નોંધાયો હતો. આ અંગે ડીસા હવામાન વિભાગના સૂત્રોએ જણાવ્યું હતુ કે, સોમવારે લઘુત્તમ તાપમાનમાં ૩.૬ ડીગ્રીનો વધારો નોંધાયો હતો. જ્યાં તાપમાનનો પારો ૧૭.૦ ડિગ્રીએ અટક્યો હતો.

# ભર શિયાળે માવઠું...!! કચ્છમાં કમોસમી વરસાદ

**અફઘાનિસ્તાનમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાતાવરણમાં પલટો : ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ ભાગમાં માવઠાનો માર : ઊતરાયણ પહેલાં ફરી એકવાર કમોસમી વરસાદ : રવિ પાકોમાં ગંભીર નુકસાનને લઇ ખેડૂતો ચિંતામાં ગરકાવ જીરૂ, ચણા, ઘઉં, બટાટા સહિત પાકોમાં નુકસાનનો ખતરો**

અમદાવાદ, તા.૧૩

વાવાઝોડા, કમોસમી વરસાદ, માવઠા અને તીડોના આક્રમણ બાદ હવે ઊતરાયણ પર્વના આગલા દિવસે જ આજે અમદાવાદ શહેર સહિત રાજયભરના વાતાવરણમાં નોંધનીય પલ્ટો આવ્યો હતો. ખાસ કરીને સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના ઘણા વિસ્તારો અને પંથકોમાં આજે કમોસમી વરસાદ અને માવઠા પડતાં ખેડૂતો સહિત સ્થાનિક લોકોની ઊતરાયણના પર્વની ઉજવણી બગડી હતી તો, ખેડૂતો રવિ પાકોમાં ગંભીર નુકસાનીને લઈ ફરી એકવાર બહુ મોટી ચિંતામાં ગરકાવ બન્યા હતા. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં તો આજે ચોમાસા જેવો ધોધમાર વરસાદ નોંધાયો હતો અને રસ્તા પર રીતસરના પાણી ફરી વળ્યા હતા. જેને લઈ ખેડૂતોને જીરૂ, ચણા, ઘઉં, બટાટા સહિતના પાકોમાં ગંભીર નુકસાન થવાની દહેશત બની છે. ખેડૂતોને આ વખતે ચોમાસું અને શિયાળામાં માવઠાના મારના કારણે પાકમાં નુકસાની વહોરવી પડી છે.

ત્યારે આજે ફરી સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં કમોસમી વરસાદ અને માવઠાએ જગતના તાતને રડવા મજબૂર કર્યો છે. માવઠાને પગલે રવિ પાકોમાં ખેડૂતોને નુકસાન થવાની ભીતિ છે. આજે સૌરાષ્ટ્રમાં રાજકોટ, જામકંડોરણા, ધોરાજી સહિતના પંથકોમાં તો, ગીર સોમનાથમાં વેરાવળ સહિતના વિસ્તારોમાં આજે કમોસમી વરસાદ નોંધાયો હતો. અમરેલીના બગસરા સહિતના પંથકોમાં માવઠાનો માર જોવા મળ્યો હતો. જૂનાગઢમાં પણ ગીરનાર અને ગીરના જગંલોમાં પણ ધોધમાર વરસાદ ખાબકયો હતો.

આજે જૂનાગઢના ગળોદરમાં પણ ભારે વરસાદ પડતાં રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. આ જ પ્રકારે કચ્છમાં અંજાર, ભચાઉ , રાપર, ભુજ સહિતના પંથકોમાં ભારે ધોધમાર વરસાદ પડતાં સમગ્ર વિસ્તારોમાં પાણી ફરી વળ્યા હતા.



# ધી અમદાવાદ ડિસ્ડટ્રીક્ટ કો.ઓ. બેંક આયોજિત ચિલોડા ખાતે વિશાળ કૃષિ શિબિર સેમિનાર યોજાયો




ચિલોડા, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેસસમા ચિલોડા ઓમ લેન્ડ માર્ક ખાતે ધી અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક આયોજિત એક મોટી કૃષિ શિબિર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં સવારથી બપોરના સેશનમાં ધી અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. લીના ચેરમેન અજયભાઈ પટેલ, વાઈસ ચેરમેન જગદીશભાઈ બી. પટેલ, ડિરેક્ટર લાલભાઈ પટેલ, સહકારી આગેવાન કોદરભાઈ પટેલ, વિનોદભાઈ પટેલ, રાજુભાઈ શાહ, ગિરીસભાઈ રાવલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રથમ સેશનમાં જગદીશભાઈ ધાનાણીએ ખેડૂતોના હાથમાં મોબાઈલ ટીવી કૃષિ માહિતીનો ખજાનો એટલે એગ્રી મિડીયા વિડીયો એપ દ્વારા ખેતી સાથે આધુનિક ટેકનોલોજીનો સમન્વયથી ખેતી-બાગાયત, પશુપાલન, મત્સ્યખેતી, કૃષિ સમાચાર, ખરીદ-વેચાણ, ગ્રામ વિકાસ વિડિયો, સરકારી સહાયકારી યોજનાઓ, સજીવ ખેતી, ઈ. પુસ્તકાલય, કિસાનમોલ, કૃષિ કેલ્યુલેટર, મહત્વની વેબસાઈટ, હવામાન વગેરે કેવી રીતે ડાઉનલોડ કરવી વગેરે માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ. ખેડૂતોના ૧૧ પ્રશ્નોના ઉકેલ-સમસ્યા-સમાધાન અંગે ખેડૂતોને ઉપયોગી જાણકારી આપી હતી. ડિરેક્ટર લાલભાઈ પટેલે ખેડૂતોના ચાર પ્રશ્નોના ઉપાયોનું સૂચનમાં ઓર્ગેનિક ખેતીનું પ્રાધાન્ય, સોલર સીસ્ટમ, ડીપ ઈરિગેશન, ચેકડેમ, પાણીનો રીચાર્જ પદ્ધતિ વગેરે માર્ગદર્સન પુરૂ પાડ્યું હતું. જ્યારે ચેરમેન અજયભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં સ્ટોરેજ કેપેસીટી, જૂની ખેત પદ્ધતિને બદલે આધુનિક ટેકનોલોજિ સાથે સમન્વય સાધવા, પ્રધાનમંત્રી જલ વીમા યોજના, ખેડૂતોના હિતની જાળવણી અંગેના નિર્ણયો અંગે ખેડૂતોને વાકેફ કર્યા હતા. આ શિબિરમાં બેંકની આર્થિક પ્રગતિ અને બેંકની કામગીરીની વિગતો રાવલે પ્રાસંગિક પ્રવચનમાં જણાવી હતી. આ શિબિરમાં ગાંધીનગર, દહેગામ, દસ્કોઈ તાલુકાના ૨૦૦૦થી વધુ ખેડૂતો ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો. ચિલોડા વિસ્તારના મંડળીના ચેરમેનો, મંત્રીઓ, બેંક કર્મચારીઓ, પ્રગતિસીલ ખેડૂતો હાજર રહ્યા હતા. બપોરના સેશનમાં ગોપાલભાઈ સુતરીયા વક્તા તરીકે ઓર્ગેનીક ખેતી-સરકારી કલ્યાણકારી યોજના અંગેનો કાર્યક્રમ યોજાયો હતો. અંતમાં દરેક હાજર ખેડૂતોને નોંધણી મુજબ બેંક તરફથી સ્મૃતિ ભેટ ઘડિયાળ અર્પણ કરવામાં આવી હતી.




સરકાર દ્વારા ૧૧ જાન્યુઆરીથી ૧૭ જાન્યુઆરી દરમિયાન ૩૧મો માર્ગ સલામતી સપ્તાહ ઉજવણી કરવાનં આયોજન કરાયું છે. જે અંતર્ગત બનાસકાંઠાના પાલનપુર શહેરમાં માર્ગ સુરક્ષા સલામતી સપ્તાહ જાગૃતિ રેલીનો પ્રારંભ કરાયો ત્યારે આજે ડીસામાં પણ માર્ગ સુરક્ષા સલામતી સપ્તાહ જાગૃતિ અભિયાન અંતર્ગત પોલીસ દ્વારા વાહન ચાલકોને ગુલાબનું ફૂલ આપીને માર્ગ અકસ્માત અટકાવવા માહિતી આપી શહેરના રાજમાર્ગો પર ફરી લોકોમાં જાગૃકતિ લાવવાનું કામ કર્યું હતું.

# લીંબડી સબ જેલના ચાર કેદી દીવાલ કૂદીને ફરાર

**ફરાર કેદીઓને પકડવા પોલીસ દ્વારા નાકાબંધી : કેદીઓને પકડી પાડવા રાજકોટ અને અમદાવાદને જોડતા નેશનલ હાઈવે પર પોલીસ સતર્ક**

અમદાવાદ, તા.૧૩

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી ખાતે આવેલી સબ જેલમાંથી કાચા કામના ચાર કેદીઓ દીવાલ કૂદીને ફરાર થઈ જતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. ઘટના બાદ જેલ પોલીસમાં દોડધામ મચી ગઈ હતી. સ્થાનિક પોલીસે કેદીઓને પકડી પાડવા માટે જિલ્લાભરમાં નાકાબંધી કરી દીધી છે. તો આજુબાજુના જિલ્લાઓમાં પ્રવેશતા માર્ગો પર પહેરો વધારી દીધો છે અને સઘન ચેકીંગ હાથ ધરાઈ રહ્યું છે. જેલમાંથી કેદીઓ ફરાર થતાં જેલ સુરક્ષા વ્યવસ્થા સામે પણ ગંભીર સવાલો ઉઠી રહ્યા છે.

લીંબડી સબ જેલમાંથી એકસાથે ચાર કેદીઓ ફરાર થઈ જતાં અમદાવાદ અને રાજકોટ તરફ સુરેન્દ્રનગર જિલ્લા પોલીસે ઠેર ઠેર નાકાબંધી કરી છે. ત્યારે અમદાવાદ અને રાજકોટ તરફ જતા નેશનલ હાઈવે પર પણ કેદીઓને પકડી પાડવા માટે પહેરો ગોઠવી દેવાયો હતો. કેદીઓ સૌરાષ્ટ્ર કે અમદાવાદ તરફ પણ જવાની શક્યતાઓ પ્રવર્તી રહી હોઈ તેને જોતાં પોલીસ એકદમ એલર્ટ પર રખાઈ છે. વાહનો ચેકીંગ અને સતત પેટ્રોલીંગ ઉપરાંત સંભવિત શંકાસ્પદ સ્થાનો પર પણ પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. જો કે, સબ જેલમાંથી એકસાથે ચાર કેદીઓ ફરાર થઈ જતાં જેલ સત્તાધીશોની કામીગીરી અને જેલની સુરક્ષા વ્યવસ્થા સામે પણ ગંભીર સવાલો ઉઠયા છે. આ મામલે આગામી દિવસોમાં ઉચ્ચ પોલીસ સત્તાવાળાઓ દ્વારા જેલના કસૂરવાર કર્મચારી-અધિકારીઓ વિરૂધ્ધ પગલાં લેવાય તેવી પણ પૂરી શકયતા છે.

# ડીસા પરણિતાના અપમૃત્યુ મામલે વિશાળ રેલી આવેદનપત્ર પાઠવી ન્યાયિક તપાસની માંગ કરાઈ

ડીસા, તા. ૧૩

ડીસા શહેરમાં થોડા દિવસ અગાઉ ડોક્ટર સી. કે. પટેલની હોસ્પિટલે કિંરણબેન રજનીકાંત વૈષ્ણવ નામની પરિણાતાનું ડિલિવરી દરમિયાન મૃત્યુ થયુ હતું.તેથી આઘાતમાં ગરકાવ તેણીના પરિવારે ડોકટરની બેદરકારીથી મોત નીપજ્યું હોવાના આક્ષેપ સાથે ફરિયાદ નોંધાવી હતી પરંતુ કસૂરવાર ડોક્ટર સામે પોલીસ દ્વારા માત્ર અકસ્માતનો ગુનો નોંધીને ફરિયાદ લેવામાં આવી હતી જેથી નારાજ કિંરણબેનના પરિવાર દ્વારા તેમના લાલચાલી વિસ્તારમાંથી વિશાળ રેલી યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ પણ જોડાઈ હતી આ રેલી ફુવારા સર્કલથી બગીચા થઈ માર્ગો ઉપર સુત્રોચ્ચાર અને બેનર સાથે ડીસા નાયબ કલેકટર કચેરીએ પહોંચી આવેદનપત્ર પાઠવ્યું હતું.

આ પ્રકરણમાં ન્યાયિક તપાસ થાય અને કસૂરવારોને કડક માં કડક શિક્ષા થાય તેવી પણ ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી. મૃતક કિંરણબેનના ભાઈએ મીડિયા સામે ભારે આક્રોશ સાથે જણાવ્યું હતું કે મારી બહેન ડોકટરની બેદરકારીથી બે દીકરા દીકરી મૂકીને અકાળે જતી રહી છે જેથી અમારા ઉપર આભ તૂટી પડયું છે તેથી દોષિત ડોકટર સામે શહેર પોલીસ દ્વારા હત્યાનો ગુનો દાખલ કરવામાં આવે જો કે પોલીસ દ્વારા માત્ર અકસ્માતનો ગુનો નોંધીને કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# ગુરુવારે ગાંધીનગરમાં યોજાશે રાજમોહન ગાંધીનું વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૧૩

મહાત્મા ગાંધી વિષયે રાજમોહન ગાંધીના વ્યાખ્યાનનું આયોજન ગુરુવારના રોજ કરવામાં આવ્યું છે.

આયોજક સંસ્થા વિશ્વગ્રામ દ્વારા જણાવવામાં આવ્યું છે કે સંસ્થા દ્વારા પ્રેરિત સંવાદ કાર્યક્રમ અંતર્ગત મહાત્મા ગાંધી વિષયે વક્તવ્યનું આયોજન તા. ૧૬મી જાન્યુઆરી ને ગુરુવારના રોજ સાંજે ૬.૩૦થી ૮.૩૦ દરમિયાન બ્રહ્માણી કૃપા હોલ, ફાર્મસી કૉલેજ બિલ્ડીંગ, ગેટ નં. ૧, સર્વ વિદ્યાલય પરિસર, સૅક્ટર-૨૩, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યું છે. લેખક, પ્રાધ્યાપક અને ગાંધીજીના પૌત્ર રાજમોહન ગાંધી મહાત્મા ગાંધી વિષયે પોતાનું વક્તવ્ય આપશે.

આ કાર્યક્રમનો લાભ લેવા સૌ કોઈ ગાંધીપ્રેમી નાગરિકોને સંસ્થા દ્વારા ઈજન પાઠવવામાં આવ્યું છે.

## રંગીન બનશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાપ્યો છે..ની બુમથી ધાબા ગજવી મુકશે. ઉતરાયણ પર્વમાં પતંગોત્સવની મજા સાથે ચિક્કી અને ઉંધિયા જલેબીની પણ મજા માંણશે . પતંગના પર્વમાં આકાશ રંગીન બનશે ત્યારે પતંગોત્સવની મજા પક્ષીઓ માટે સજારૂપ ન બને તે માટે પણ નગરજનોને અપીલ કરવામાં આવી છે વનવિભાગ તેમજ એન જી ઓના સહયોગથી કરૂણા અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે જે અન્વયે ઘાયલ પક્ષીઓને સારવાર પુરી પાડવામાં આવશે. પક્ષીઓને નવી ઉડાન આપવા માટે તબીબી ટીમ પણ તૈયાર રહેશે જયારે સ્વયંસેવકો યુવાનો પણ ઘાયલ પક્ષીઓને દવાખાના સુધી પહોંચાડી સારવાર અપાવશે તે મુજબની વ્યવસ્થા કરવામાં આવી છે. ઉતરાયણ એટલે પતંગોત્સવ જ નહી પરંતુ આ દિવસે સેવા કાર્ય કરવાનુ પણ વિશેષ મહત્વ છે. અવનવી ચિક્કી ખાવાની સાથે તલના લાડુનુ દાન કરવાનુ પણ વિશેષ મહાત્મ્ય છે. ગાયને ઘાસ ખવરાવવા સહીત કુતરાઓને લાડુ ખવડાવીને પણ નગરજનો પુણ્ય કમાવવા ઉત્સુક રહેશે. પતંગોત્સવની મજા ફીક્કી ન પડી જાય તે માટે પતંગ ઉતારવા માટે વૃક્ષ કે વિજળીના થાંભલા પર ચઢવાનો પ્રયાસ નહીં કરવા પણ અપીલ કરવામાં આવી છે. સાંજના સમયે પણ આકાશમાં દિવાળી જેવો માહોલ જોવા મળે છે. ચાઈનીઝ ટુક્કલ તેમજ પતંગ દોરી પર પ્રતિબંધ હોવાથી નાગરિકોની સલામતી જળવાઈ રહે તે માટે આ પ્રકારની ચીજવસ્તુઓનો ઉપયોગ ન કરવા પણ જણાંવાયુ છે. દિવસે પતંગની મજા માંણ્યા બાદ સાંજ ઢળતા જ ધાબા પર આતંશબાજી સાથે ગરબાની રમઝટ જામશે.જયારે ઉતરાયણ દરમિયાન પવન સાનુકુળ રહેશે તેમ પણ હવામાન તજજ્ઞોએ જણાંવ્યુ છે.

## વરસાદની આગાહી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. પવનની સરેરાશગતિ ૯ થી ૧૧ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. ખાસ કરીને રાત્રિ દરમ્યાન ઠંડા પવન સાથે શુષ્ક વાતાવરણ રહેશે તેથી ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે તેમના પાક અને પશુધનને ઠંડીના વિપરીત પ્રભાવ સામે રક્ષણ પુરૂ પાડે. ઠંડીની અસરને ઘટાડવા માટે ઠંડા અને શુષ્ક હવામાનની સ્થિતિમાં સાંજના કલાકો દરમ્યાન પાકને પિયત આપો. હાથ નિંદામણ અને આંતરખેડની કામગીરી કરવી તેવી પણ સલાહ આપવામાં આવી છે.

## ચિંતા વ્યાપી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નગરજનોએ સુસ્તી અનુભવી હતી. ઉતરાયણના આગળના દિવસે જ વાતાવરણ પલ્ટો સર્જાતા બીજાદિવસે એટલે કે મંગળવારે વરસાદ ખાબકશે તેવી દહેશતથી પતંગરસિયાઓમાં ઘેરી ચિંતા પ્રવર્તી હતી. આજે સૌરાષ્ટ્ર સહીતના કેટલાક વિસ્તારમાં કમોસમી માવઠુ પણ થયુ હતુ. જેના લીધે ગાંધીનગરમા પણ મોસમનો નઝારો બદલાયો હતો. ઉતરાયણના દિવસે પવન સાનુકુળ રહેશે તેમ પણ હવામાન તજજ્ઞોએ જણાંવ્યુ છે.

## ૮મી અજાયબી

● અનુસંધાન પહેલાનું ચાલુ

યુનિટીથી ઊંચી વિશ્વમાં એકપણ પ્રતિમા નથી. ચીનના પ્રખ્યાત વેરોકાના બુદ્ધની મૂર્તિ પણ ૧૨૮ મીટરની જ છે. જ્યારે હૈદરાબાદ સ્થિત સ્ટેચ્યૂ ઓફ ઈક્વાલિટીની ઉંચાઈ ૬૫.૮ મીટર છે. પ્રતિમાના નિર્માણ માટે ભારતના ૭ લાખ ગામળાઓની પવિત્ર માટી મગાવવમાં આવી હતી. તો ખેડૂતોએ વાપરેલા લોખંડના ખેત ઓજાર પ્રતિકરૂપે એકત્ર કરવામાં આવ્યા હતા. પ્રતિમાના નિર્માણ માટે લોખંડ ભેગુ કરવા માટે લોહાસંગ્રહ અભિયાન પણ ચલાવવામાં આવ્યું હતું અને આજ ખેડૂતોના ઓજારમાંથી આજે આ વિશ્વની સૌથી ઊંચી લોખંડી પુરુષની પ્રતિમા બનાવવામાં આવી છે. નર્મદા નદી અને સ્ટેચ્યુને નજર રાખતા વિશાળ આધુનિક કેનોપીડ પબ્લિક પ્લાઝાનો સમાવેશ થાય છે, જેમાં ખોરાકની દુકાનો, અલંકૃત ભેટની દુકાનો, અને અન્ય સવલતોનો સમાવેશ થાય છે, જે મુલાકાતીઓને એક સુંદર પ્રવાસનો અનુભવ પૂરો પાડે છે.

## સવાલ જ નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

એનઆરસી તો કેન્દ્રમાં રાજીવ ગાંધીની સરકાર હતી ત્યારે અસમના લોકો સાથે તે વાતચીત થઈ હતી. એનઆરસીની દેશમાં કોઈ જરૂરિયાત જ નથી. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન પણ આ મામલે સ્પષ્ટ કરી ચુક્યા છે. એનઆરસીની વાત અસમને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી. સાથે જ નીતીશ કુમારે કહ્યું હતું કે, અમે સીએએને લઈને પણ વિસ્તારપૂર્વક ચર્ચા કરીશું. તો વસ્તીગણતરીને લઈને તેમણે કહ્યું હતું કે, ૨૦૧૦માં એનપીઆરની વાત થઈ હતી.

## આત્મનાદ

● ચોથા પાનાનું ચાલુ

ઓફ કોલમ્બસ'માં ક્રમશઃ ભીડ સતત વધતી ગઈ હતી. તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૮૯૩ના રોજ સ્વામીજીએ 'હિન્દુ ધર્મ વિશે' પોતાના ખ્યાલો અભિવ્યક્ત કર્યા હતા. ત્યારબાદ તેમણે 'ભારત વર્ષને ધર્મની તાત્કાલિક જરૂર નથી' એ વિષય પર વક્તવ્ય આપ્યું હતું. ૨૬ સપ્ટેમ્બરના રોજ એમણે 'બૌદ્ધ ધર્મ એટલે હિન્દુ ધર્મની પૂર્તિ' એ વિષય પર વ્યાખ્યાન આપ્યું.

સ્વામીજીના ધર્મ પરિષદમાં અપાયેલા વ્યાખ્યાનો બાદ 'ધ ન્યૂયોર્ક હેરોલ્ડ વર્તમાન પત્રએ લખ્યું હતું કે, 'સ્વામી વિવેકાનંદ વિશ્વ ધર્મપરિષદની સૌથી મહાન વ્યક્તિ છે તેમાં શંકા નથી. એમનું વક્તવ્ય સાંભળ્યા પછી એવું લાગે છે કે, ભાવી સુશિક્ષિત પ્રજા માટે મિશનરીઓને મોકલવા એ કેટલું મુર્ખાઈ ભર્યું છે.' 'ધી બોસ્ટન ઈવનીંગ ટ્રાન્સપોર્ટ'ના શબ્દો હતાં, 'એમના વિચારોની ભવ્યતા તેમજ એમના વ્યક્તિત્વથી પાર્લામેન્ટમાં તેઓ ખૂબ પ્રિય થઈ પડ્યાં. વ્યાસપીઠ ઉપરથી તેઓ માત્ર પસાર થાય તો પણ તાળીઓના ગડગડાટથી એમને વધાવી લેવામાં આવતાં હતાં. હજારો લોકોના પ્રાપ્ત થતાં સન્માનને કોઈપણ મિથ્યાભિમાન વગર બાળસહજ પ્રસન્નતાથી તેઓ સ્વીકારે છે.' વિશ્વ ધર્મપરિષદના વિજ્ઞાન શાખાના પ્રમુખ મેરવિન મેરી નેલ લખે છે કે, 'ધર્મ પરિષદ ઉપર તેમ જ મોટાભાગના અમેરિકનો ઉપર હિન્દુ ધર્મના જેટલો ઊંડો પ્રભાવ બીજા કોઈ ધર્મએ પાડ્યો નથી. અને તેમાં પણ હિન્દુ ધર્મના સૌથી વિશેષ અગત્યના અને લાક્ષણિક પ્રતિનિધિ સ્વામી વિવેકાનંદ હતાં. હકીકતની દ્રષ્ટિએ તો ધર્મ પરિષદમાં સૌથી વધુ પ્રિય અને પ્રભાવશાળી પુરુષ સ્વામી વિવેકાનંદ હતાં એમાં કોઈ શંકા નથી.

**ધબકાર :**

**'જો તમે પવિત્ર હોવ, જો તમે સુદ્રઢ હોવ તો તમે એકલા પણ આખી દુનિયા બરાબર છો. સર્વશક્તિ તમારી અંદર છે એમાં તમે શ્રદ્ધા રાખો. ઊઠો, જાગો, ઊભા થાવ અને તમારી અંદર રહેલી દિવ્યતાને પ્રગટાવો.'**

**- સ્વામી વિવેકાનંદ**